# ગ્રે માર્કેટની ખાટી મીઠી...

## ગ્રે માર્કેટમાં Thyrocare અને Ujjivanના IPOના પ્રિમિયમ રોકેટગતિએ ઉછળ્યા
## જો કે આ ભરણાંઓને સારો પ્રતિસાદના અહેવાલોએ અરજી ફોર્મના ભાવ તૂટ્યા
## Parag Milkમાં ફેન્સીના અભાવે પ્રિમિયમ - અરજી ફોર્મના ભાવમાં ભારે કડાકો
## સાકરબજારમાં Thyrocare અને Ujjivanના IPOમાં જંગી વોલ્યુમે તોફાની વધઘટ

*હાલમાં Main Line ત્રણ IPO માર્કેટમાં હોવાને કારણે ગ્રે માર્કેટમાં જોરદાર અફરા-તફરી નો માહોલ પ્રવર્તી રહ્યો છે. એટલું જ નહીં, જંગી વોલ્યુમે કામકાજની સાથે વર્તમાન IPO ના ગ્રે માર્કેટના પ્રિમિયમભાવો તેમજ એપ્લીકેશનના ફોર્મના ભાવોમાં પણ રોજેરોજ ભારે ઉથલ - પાથલ જોવાઈ રહી છે.*

● **Thyrocare Techno** :- રૂ. ૪૨૦ થી ૪૪૬ ના આ IPOના પ્રિમિયમભાવ એક તબક્કે તુટીને રૂ. ૧૮૦/૧૮૫ ના થયા બાદ IPOને જોરદાર પ્રતિસાદના અહેવાલો પ્રિમિયમભાવ ઉછળીને રૂ. ૨૨૦ થી ૨૨૫ ના લેવલે પહોંચ્યા હતા જ્યારે સાકરબજારમાં ન્યુનતમ અરજી ફોર્મના ભાવ ઉછળીને રૂ. ૧૩૦૦/૧૩૫૦ના લેવલે સ્પર્શ્યા હતા. ભરણું ૭૩ ગણાંથી વધુ ભરાયા હોવાને અહેવાલોએ તુટીને રૂ. ૮૦૦ થી ૮૫૦ ના નીચા લેવલે આવી ગયા હતા. આમ પ્રિમિયમ ઉછળી જવા સાથે ફોર્મના ભાવ તુટ્યા હતા. આ IPOના લિસ્ટીંગ સુધી પ્રિમિયમભાવોમાં મોટી વધઘટની શકયતા છે.

● **Ujjivan Fin.** :-રૂ. ૨૦૭ થી ૨૧૦ના ઓફરભાવના આ IPOમાં Thyrocareના IPOમાં જોરદાર ફેન્સીને કારણે કામકાજ ઢીલા હતો પરંતુ Thyrocareનો IPO બંધ થતાં જ ગ્રે માર્કેટના ખેલાડીઓ હવે Ujjivanમાં સક્રિય બન્યા છે અને Equitas Holdingના કિસ્સાનું પુનરાવર્તન થયાની શકયતા છે આ IPOના પ્રિમિયમભાવ એક તબક્કે તુટીને ૩૦/૩૨ થયા બાદ સતત ઊંચી છલાંગ મારી રહ્યા છે અને રૂ. ૪૫ થી ૪૮ ની ધારણાં મુકાઈ રહી છે. આગામી દિવસોમાં ભરણું કેટલું ભરાય છે તેની ઉપર પ્રિમિયમભાવમાં અફરા - તફરી જોવાશે. આ સાથે સાકરબજારમાં અરજી ફોર્મના ભાવ વધીને ૧૨૦૦/૧૩૦૦ બન્યા બાદ પ્રિમિયમ ઉછળી જતાં હાલમાં ઘટીને ૮૫૦/૯૦૦ ના લેવલે આવી ગયો છે.

● **Parag Milk Foods** :- હાલમાં Thyrocare અને Ujjivanના IPOમાં જોરદાર ફેન્સીને કારણે ગ્રે માર્કેટના ખેલાડીઓને હાલમાં Paragના IPOમાં રસ ઓછો જણાય છે જેના કારણે ઊંચા ઉછળેલા પ્રિમિયમભાવ સતત તુટી રહ્યા છે. ગત સપ્તાહના મધ્યભાગમાં પ્રિમિયમ રૂ. ૪૦/૪૨ ના લેવલે પહોંચ્યા પછી હાલમાં તુટીને ૨૫/૨૭ ની ધારણાં મુકાય છે જ્યારે સાકરબજારમાં ન્યુત્તમ અરજી ફોર્મના ભાવ ૧૦૫૦/૧૧૦૦ થી જોરદાર કડાકા સાથે તુટીને ૫૫૦/૬૦૦ ના લેવલે આવી ગયા છે. જો કે, આ ભાવે પણ હજી કોઈ લેવાલ નથી. Parag Milk Foodsમાં ફેન્સી જોવાશે કે કેમ તેનું ચિત્ર Ujjivanનો IPO બંધ થયા પછી જ સ્પષ્ટ થશે.